





તું-તું, મૈં - મૈં માં ધોવાઇ જશે આમ આદમી,
ખટપટોમાં ખોવાઇ જશે આમ આદમી,
વગોવાઇ જશે આમ આદ પદની પડાપડીમાં -
આમ ને આમ, રોવાઇ જશે, આમ આદમી




ભરો ફોરમ
મફત ઘર માટે -
ચક્કી બહેન!

‘છૂટ’ કરતાં
તંત્રને છે કમાણી
દારૂબંધીમાં..

## ચિંતન

**ક્ષતે પ્રહારા નિપતન્ત્ય ભીક્ષણં ધન ક્ષયે વર્ધતિ જાડરાણ્તિ ।**
**આપત્સુ વૈરાણિ સમુદ્ર ભવન્તિ છિદ્રેષ્વનર્થા બહુલી ભવન્તિ ॥**

‘સામાન્ય રીતે એવું બનતું હોય છે કે જયાં પગમાં લાગેલી ઠેંસ કે શરીરમાં કયાંય પણ કંઇ લાગ્યું-ફૂટ્યું હોય ત્યાં જ વારંવાર કંઇને કંઇ અથડાય - વાગે છે.

ધન ઓછું થઇ જાય-ખાવાના જયારે સાંસા પડે ત્યારે ભૂખ પણ વધારે લાગવા માંડે છે (જયારે ભંડાર ભર્યાં હોય ત્યારે સામાન્યતઃ ખાવાનું કંઇ ભાવતું નથી.)

જયારે વિપત્તિ-દુખો આવી પડે ત્યારે ન ધારેલાં અણધાર્યાં દુખો અને દુશ્મનો પણ પેદા થાય છે. ખરેખર જયાં છિદ્ર-દોષ-અને નિર્બળતા હોય ત્યાં ન ધારેલી મુશ્કેલીઓ - આપત્તિઓ આવી પડે છે.’

જયાં અધુરાશ-કચાશ-અનાવડત કે વેઠ જેવી ઉતાવળ હોય ત્યાં નાનું કામ પણ મોટું થઇ સામે આવે છે. કોઇ પણ કામ ધ્યાનથી - મન દઇને - રસપૂર્વક કરવામાં આવે તે પહેલીવારમાં જ સારી રીતે પૂર્ણ થાય છે.

## સુવિચાર

- જે કંઇ આવે તે સ્વીકારો, કોઇ ચીજની પાછળ ન પડો, કોઇ ચીજનો ત્યાગ કરવાની પણ જરૂર નથી, કોઇ પણ વસ્તુની અસર નીચે ન આવવું એ જ મુક્તિ **- એસ. ભટ્ટાચાર્ય**
- પરિવર્તનની અટલ અને અફર ગતિનો પ્રતિકાર ન કરવો તે જિંદગીનો સ્વીકાર છે, આગળ વધવાનો ઇન્કાર અને રકઝક એ જીંદગીનો તિરસ્કાર છે **- ભૂપત વડોદરિયા**
- જાણે ઘણુંબધું જોયું ને કંઇ જોયું નથી, ઘણું લાંબુ જીવ્યા પણ કંઇ જીવ્યા નહીં, જોવું એવી રીતે કે જીવ્યાં જેવું લાગે, જીવવું એવી રીતે કે જોયા જેવું લાગે **- જનકલ્યાણ**
- આપણું દર્પણ ઘણું નાનું છે, પણ તેથી પાડવાની તેની શક્તિ નાની કે નજીવી બની જતી નથી, સૂરજ નાનકડા આભલામાં ઝિલાઇ શકે છે, તે સમાઇ ન શકે પણ ઝીલાઇ તો શકે **- શાહબુદ્દીન રાઠોડ**
- કોઇ જીંદગી અમીર કે ગરીબ નથી હોતી, જીંદગીની અમીરી કે ગરીબીનો આધાર તેના જીવનારા પર છે **- નવનીત**
- કંઇક અણગમતું બને અને હૃદયમાં કડવાશ લાગે તો એ ‘દુર્ભાગ્ય’ ને પણ ગૌરવપૂર્વક સહન કરવું એ ‘સદ્‌ભાગ્ય’ છે **- અખંડ આનંદ**
- સુખની છેવટની યાદી હજી સુધી કોઇ માનવી તૈયાર કરી શક્યો નથી **- સમયસૂત્ર**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણે પ્રાર્થના-સેવા-પૂજા- માંડ પંદર-વીસ કરીએ પછી તરત ભગવાન પાસે ઉઘરાણી કરીએ - જાણે ઉધાર આપેલ નાણાંની ઉઘરાણી - મને ‘આ’ આપ તે આપ, આમ કરી દે તેમ કરી દે! જાણે આપણો ‘રામો’ ન હોય! એને કયારે, કોનું, કેટલું કેવી રીતે આપવું એની બધી જ ખબર છે એને યાદ દેવડાવવાની કંઇ જ જરૂર નથી.

એક મુલ્લાં બંદગી કરી ઊભા થયા અને ખૂદા પાસે ઘર-પરિવાર-મસ્જિદ માટે ‘ડોનેશન’ અપાવી દેવાની માગણીઓ કરી કહ્યું, વિદેશી ભંડોળ મળી જાય તો ઘણું સારું..!

નસરૂદ્દીન બાજુમાં જ ઊભા હતા એણે અલ્લાહને અપાતી આજ્ઞા-આદેશ-સૂચના સાંભળ્યાં, નસરૂદ્દીન - તરત બોલ્યા. મુલ્લાંજી - તમે નાહક માંગ માંગ કરો છો. ખૂદાની ઇચ્છા વિના - મરજી વિના કંઇ જ મળતું નથી!

મુલ્લાં અકળાયા - ‘નસરૂદ્દીન તમારી પાસે કોઇ સાબિતી છે?’

નસરૂદ્દીને હસતાં હસતાં કહ્યું - છે જ ને - મને પંચોતેર વર્ષ થયાં આજ સુધી મારી મરજી મુજબ કદી કંઇ થયું નથી!!

Email - sureshchandrabhatt18@gmail.com

# “ગાંધી વિચાર” ના સાચા સેનાપતિ પૂ. નારાયણભાઈ મહાદેવભાઈ દેસાઈને સો સો સલામ

● શ્રદ્ધાસુમન સેતુ

ગુજરાતી સાહિત્ય પરિષદના પૂર્વ પ્રમુખ તરીકે અનોખું યોગદાન આપી, “ગિરા ગુર્જરી” ને ‘વિશ્વ ગૂર્જરી’ બનાવવા માટે તથા માતૃભાષા ગુજરાતીનાવંચિત - શોષિત સમાજ ઉપરાંત લઘુમતી વર્ગના સર્જકોનો પણ ગુજરાતી ભાષામાં સ્વીકાર જરૂરી છે. તેમ ઉચ્ચારી, “સાહિત્ય માત્ર ઉન્નતભ્રૂ વિવેચકો કે ભદ્રલોકની જાગીર નથી.” એમ કહી, કોઈની પણ શેહ-શરમ રાખ્યા વિના બેધડક ચેતવણી ઉચ્ચારીને, સાહિત્યને લોકો વચ્ચે વિહરતું કરવાની શીખ આપનાર તથા મહાત્મા ગાંધીજીના એક અંતેવાસી તરીકે, ઉન્નત મસ્તકે આજીવન ‘ગાંધીમય જીવન’ જીવીને, મહાત્માજીના જીવન-કવન તથા ૧૦૮ ગાંધીકથાઓ પીરસનાર, ખરા અર્થમાં ઋષિ અને ગાંધીજીની પેઢીનો એક ચમકતાં આ તેજસ્વી તારકો ખરી પડ્યો! “ગાંધી વિચાર” ના આ સાચા સેનાપતિ પૂ. નારાયણભાઈ મહાદેવભાઈ દેસાઈને સો સો સલામ અને અંતઃકરણની દધિ છલકતી શ્રદ્ધાંજલિસહ શ્રદ્ધાસુમન અર્પણ!

● **સંતવાણી**

(૧) સબદ સબદ સૌ કોઈ કહે, સબદ ન હાથ ન પાંવ,
એક સબદ ઔષધિ કરે, એક સબદ કરૈ ઘાવ!
(૨) મન લોભી, મન લાલચી, મન ચંચળ, મનચોર
મનકે મતે ન ચાલીએ, પલક પલક મન ઔર!

● **કાવ્યસેતુ**

**અનાથ**

જીવનનો વિશાળ પર્વત રોજ એકલો જ ચઢું છું,
મા-બાપ જ નથી મૈં જોયા, હું એકલો જ સહું છું.
મળ્યું એવું કો’ નથી જેને કહી હું શકું દુઃખ,
કોઈ પણ દર્દ હોય, હંમેશા હું જ સહું છું.
અભિલાષા સદા રહે માનું હેત પામવાનિ,
કો’ક દિવસ કયાંય રાત સુધી, હું એકલો જ રડું છું
સૌ કો’ મૃત્યુથી ડરે છે, મોતની મને શું બીક?
એ યમરાજને રોજ, હું એકલો જ મળું છું.
દૈત્યસમી ‘નિમિત્ત’ બાધન - રોડ માંડ યુદ્ધ,
કોઈની નથી મારે જરૂર, હું એકલો જ લડું છું.

- વંદન રાવલ ‘નિમિત્ત’

**કોયલ કાગડો**

વહેલા પ્હોરમાં ખુશનુમા સુમધુર પર્યાવરણ
વચાળે કોયલ કાગડો મળ્યાં!
કોયલ કાગાને કહે... કુહૂ કુહૂ
આપણમાં અભેદ રંગભેદ નથી!
આપણી દોસ્તી ખૂબ જામશે!
જીવન ધન્ય થશે!!
કાગડો કોયલને કહે.. કા.. કા..
તમારી મઠમીઠી કર્ણપ્રિય વાણી,
અમોને પ્રિય, કિંતુ,
અમારો અવાજ તો કર્કશ, તમને ફાવશે?
કોયલ કાગાને કહે... કુહૂ.. કુહૂ...
તમારો કર્કશ અવાજ તો અમોને ભોળવે છે!
આપ તો ખૂબ સુંદર પ્રકૃતિ ધરાવો છો!
અવારનવાર થતી મુલાકાતોને સંગોષ્ઠી રસીલી,
બંનેને આનંદવિભોર બનાવે!!
ઉત્તરાયણે આકાશમાં હિલ્લોરા લેતા કપાયેલ પતંગદોરે
કાગડાને ઊંચેથી સરકાવી પટકાવી દીધો!
તેનું પ્રાણ પંખેરૂં ઊડી ગયું!
જીવનદોર કપાઈ ગયો!
ભીની આંખે ભીનાં વાને કોયલ ચિત્કાર કરી ઊઠી, કુહૂ.. કુહૂ..
મારું સ્વર્ગ રોળાઈ ગયું.

- સુમંત મં. શાહ

**ફાગણ ફાલ્યો**

ખિલ્યો કેસૂડો વનવગડે ને ફાગણ ફાલ્યો
મ્હોર્યો આંબો ઘરઆંગણે ને ફાગણ ફાલ્યો
કાલી કોયલ ટહૂકી આમ્રકુંજે ને ફાગણ ફાલ્યો
બની પાગલ રંગાયા હોળીએ ને ફાગણ ફાલ્યો
માણીગરની મારકણી નજર મળી ને ફાગણ ફાલ્યો
થયા ગાલ ગુલાબી શરમ શેરડે ને ફાગણ ફાલ્યો
ધડકતાં હૈયે થઈ ગયો પ્રણવ ને ફાગણ ફાલ્યો
વધાવી ઋતુરાજ વસંત ફટાળો ફાગણ ફાલ્યો

- ઈશ્વરલાલ દેવશંકર જોષી

**હોળી**

હાલો ભેરૂં ખેલીએ હોલી... (૨)
ખેલીએ હોળી રંગ રંગોથી ચોળી ચોળી... હાલો...
આભ આંગણીયે ચાદો ચમકે...
શીતળ સ્નેહનો શું રંગ છલકે...
અઢળક શ્વેત રંગ દીધો ઢોળી... હાલો...
આંભા ડાળે મ્હોરી શું મંજરી...
કોયલ ટહુકે ને જાણે વાગી બંસરી...
રમે ઢોલે સૌ રંગ ઢોળી ઢોળી... હાલો...
વન વગડે છલક્યો વૈભવ ભ્રમ ગુંજે...
રાધાને શ્યામ રંગે, શ્યામ રમે રંગે ચંગે...
આંખ્યુને લેતા હિલ્લોળી... હાલો...
ફાગણ ફાલ્યો ફૂલડે, નવરંગી રંગ રૂપે...
પ્રકૃતિમાં પ્રાણ પૂરાયા, છલક્યો ફાગ ઊમંગે...
ચિતડે ચિતરી દો રંગોળી... હાલો...
અવની ઉભરે, લાલ કેસૂડા ફુલડે...
લ્હેરે જોબનીયું મદમસ્તી વાયુના ઝૂલણે...
મનખાને લેજો તરબોળી... હાલો...

- રમણલાલ એમ. શ્રીમાળી

**ફાગણ ફૂલ**
**(બાળ કાવ્ય)**

ફાગણ ફૂલ મને બહુ ગમે રે...
ફાગણ ફૂલ મને બહુ ગમે રે...
અનેક રંગ રૂપાળું ફાગણ ફૂલ રે...
એની શોભાથી મન મલકાઈ મસ્ત રેલાય રે
ફાગણ ફૂલ મને બહુ ગમે રે...
તેની મોહક મજાની જાત રે.
તેને દેખી વસંત રંગીન ભાસે રે
ફાગણ ફૂલ મને બહું ગમે રે...
કોઈ કહે, લાલ ગુલાબી પણ એનો
કેસુડાં કેરો રંગ હોજી રે,
મીઠી મોહક ઘટ્ટા છટ્ટા એની ડાળે ઝૂલે રે...
ફાગણ ફૂલ મને બહુ ગમે રે
પીળી ખીલી ઝુકી જાય રે હોલી કેરી ખૈલેયે રે
રંગોની રમઝટમાં નિરખી ઉઠી જાય રે
ફાગણ ફૂલ મને બહુ ગમે રે...

- કાંતિભાઈ એમ. શર્મા

**સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ**
## શબ્દસેતુ
**સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર ‘દધિ’**

# સ્યૂસાઇડ નોટસ્ લખવાની કડાકૂટમાં પણ પડવાની જરૂર નથી, કંકોત્રીના વિવિધ ફર્મા તૈયાર મળે છે તેમ આ પણ કાવ્યાત્મક - ભાષામાં લખાયેલ મળશે જ તમારે તો તમારું નામ લખવાનું બાકી બધું તો પોલીસ જ સંભાળી લેશે....

**આત્મહત્યા**
**હળવો લેખ**
**- અનંત ન. વ્યાસ**

જો તમે આત્મહત્યા કરવા થોડું વિચારતા હો, જો કોઈ ધન્ય ક્ષણે તમને સંસારની અસારતાનું જ્ઞાન થઈ જાય તો ઉતાવળા ન થતા. પ્લીઝ, થોડી રાહ જુઓ, તમને મદદ કરવા સરકાર તૈયાર થાય છે. આત્મહત્યાને હવે ગુનાના લીસ્ટમાંથી કાઢી નાખવામાં આવનાર છે. સરકાર માને છે કે આત્મહત્યા એ ગુનો નથી. એ તો આત્મ સુધારણાનો પ્રયત્ન છે. તેથી નિષ્ફળ જનાર હમણાં સુધી વધારે હેરાન થતાં, યમરાજ કરતા સવાયા રાજાઓના હાથમાં પડવું પડતું ને ખબર તો છે ને પોલીસના હાથે પડ્યો તે... ગયો... પણ હવે આ સરકારને સદબુદ્ધિ સુઝી છે તે મદદે આવી છે, મોકો મળવાનો લાભ લઈ લો, બસ ગમે તે કારણ શોધી કાઢો, કોઈ ગંભીર કારણ તો ગત પેઢીવાળા માટે... પેપર બનળું ગયું... તો કરો પ્રયત્ન... પતિએ ‘ડાર્લિંગ’ ન કહ્યું - તો પહોંચો કેનાલને કાંઠે...

સ્યૂસાઈડ નોટસ્ લખવાની કડાકૂટમાં પણ પડવાની જરૂર નથી. કંકોત્રીના વિવિધ ફર્મા તૈયાર મળે છે તેમ આ પણ કાવ્યાત્મક - ભાષામાં લખાયેલ મળશે જ તમારે તો તમારું નામ લખવાનું બાકી બધું તો પોલીસ જ સંભાળી લેશે....

પણ હા, તમે ખરેખર તમારા વિચારમાં મક્કમ તો છો ને... બાકી ‘વૈકુંઠ’ માં વસું હોય, ‘કૈલાસવાસી’ થવું હોય કે ‘વૃન્દાવન’માં નિવાસ કરવો હોય તો બેન્કમાં જાઓ. લોન લ્યો ને તમો ઈચ્છો તેવા નામ-ધામમાં વાસ મળી જશે. ‘ૐ નિવાસ’ થી માંડી ‘શૈતાન’ નિવાસ તમો નાણાં ખર્ચતા પ્રાપ્ત કરી શકો છો. તેમાં આત્મહત્યાની જરૂર જ નથી. પણ તમારે તો સાચ્ચે જ જવું છે. તો થોડી મદદ કરીએ...

આ સામે દેખાય છે તે છે ‘આત્મહત્યા માર્ગદર્શક/અવરોધક/નિવારણ કેન્દ્ર....’ તમો દાખળ થશો કે મધુર સ્વરે ટેપ વાગશે ‘સ્વર્ગકાંક્ષી - પધારો... આપનું સ્વાગત છે....’ ગભરાશો નહિ. આ તો નવી સરકારે વિનય - વિવેક જાળવવા કહ્યું છે...

તમો માંડ શ્વાસ લો ત્યાં ટેપ વાગશે, ‘સામે બોર્ડ છે તેની સૂચના વાચો... સહકાર માટે આભાર... સૂચના છે... સામી બારી પર રૂા. ૧૦ ભરી ફોર્મ લો. ફોર્મની વિગતો બરાબર વાંચો - નામ - સરનામાં માટે આધાર પુરાવા આપો. (અધુરું ભરેલું ફોર્મ સ્વીકારાશે નહીં) તમારી વિગતો જાહેર નહિ થાય.આ તો તમારી લાશ લખડે નહીં તે માટે છે.’

ફોર્મ ભરી મશીનમાં નાખશો કે તરત ‘ટોકન’ આવશે. લાલ રંગના ટોકન પર તમારો નંબર છે ટોકન લઈ નિરિંતે બેસો તમારો વારો આવશે કે તરત જ નામ બોલાશે. લ્યો તમારો વારો આવી ગયો. પણ ઝટ જવાની ઉતાવળ ન કરતા. તમો ઉતાવળે જશો પણ સામે ઓફીસર - ખુરશી પર હોવાનો સંભવ નહિવત છે. બેન્કોમાં પણ આવું બને છે તો પછી આ તો સરકારી ઓફીસ છે. પણ તમો ખુશનશીબ છો તે અધિકારી ટેબલ પર હાજર છે. અધિકારીના ચહેરા તરફ ન જુઓ. તેના કપડાં તરફ જુઓ, તો તે ખુશ થશે. આ ટેબલ પર ત્રણ મશીનો પડ્યા છે. પેલો અધિકારી પ્રશ્નો પૂછો છે. માતાપિતા હયાત છે? પત્ની છે... બાળકો... તમો જો હા પાડશો તો તુરંત કહેશે. પ્રથમ આ સાંભળો... પ્રથમ મશીનની ‘સ્વીચ ઑન’ કરશે કે તુરત વૃદ્ધ સ્ત્રી - પુરુષના ધીમા અવાજો સંભળાશે. ‘હં’ મારા લાલ. દીકરા... અમને છોડી તું કયાં ગયો... એ તમારા માતાપિતાના અવાજ તો નથી પણ પુત્રના મરણ પાછલ તમામ માતાપિતાનો વિલાપ સરખો જ હોય. ત્યારપછી બીજા મશીનનો વારો, તેમાં યુવાન સ્ત્રીનાં ડૂસકાં.... રડતાં અવાજો.. ઝડપે ચાલતાં શ્વાસોશ્વાસ - સાથે તમે સાંભળશો. ‘હાય.. હાય.. મને એકલી છોડી તમે આમ ગયા?’ હવે મારું શું થશે... ને પછી લાંબો વિલાય... ત્રીજા મશીનમાંથી બાળકોના રૂદન સંભળાશે....

આ બધું સંભળાવ્યા પછી પેલો અધિકાર પૂછશે... ‘હજી તમારો વિચાર આત્મહત્યા કરવાનો છે? જો તમે મક્કમ હશો તો તુરત ‘હા’ પાડશો... તમને જણાવવામાં આવશે ‘બાજુનાં રૂમમાં જાઓ.’

રૂમ મોટો પ્રદર્શન હોલ છે. તેમાં બે વિભાગ છે. સ્વર્ગ તથા નરક - બંને બાજુ મોટા-મોટા ચિત્રો ટાંગ્યા છે. નરકમાં તો યમના દૂતો જીવને કેવો ત્રાસ આપે છે તે દર્શાવાયું છે કયાંક યમદૂત જીવને મારે છે કયાંક કરવત વડે કાપે છે, તો કયાંક લોહી પરુના તળાવમાં ડૂબાડે છે. યમદૂતો તો ભયંકર જણાય છે. પણ જેવા તમે કોઈ ચિત્ર પાસેથી પસાર થાઓ છો તો તુરંત ટેપ સંભળાય છે. ‘જુઓ બરાબર ઓળકો - આ તમારો જ જીવ છે. આ જીવને આવું આવું દુઃખ પડવાનું... તમે મનમાં જરા જરાં ગભરાવ છો...’ ના.. ના આત્મહત્યા નથી કરવી... આ કરતાં તો અત્રે વધારે સારું છે. પણ પછી તમને આગળ જવાનું મન થાય તો સ્વર્ગ વિભાગ આવે છે. કદાચ સ્વર્ગમાં તો સુખ મળશે તે તમારી માન્યતા ખોટી પડે છે. કેટલાં બધા દેવો, કેટલી અપ્સરાઓ.. કેવા મોટા નગરો... અહીં તો કોઈ કોઈનો ભાવ પૂછતું નથી... હાં. જો તમે જીવન દરમિયાન કોઈ દેવ સાથે ઓળખાણ કરી હોય. મંદિરે ગયા હો... પ્રસાદના નાણા આપ્યા હોય... તો કદાચ કોઈ તમને ઓળખે... અને ત્યાં પણ ટેપ વાગે છે. ‘આ સ્વર્ગનું સુખ તો ભ્રાન્તિ છે. પાછો અવતાર લેવો પડવાનો... કોણ જાણે કોનો અવતાર આવે... એ કરતાં અત્યારે છો તેમાં શું ખોટું છે... પાછાં ફરો... આ જોઈ લીધા પછી પણ જો તમો મક્કમ હો, કે ના મારે તો આત્મહત્યા કરવી જ છે. તો પછી ત્રીજા રૂમમાં જવાની સૂચવા અપાય છે. રૂમ પર બોર્ડ છે, ‘ઓપરેશન થિયેટર’ બારણાં આગળ આત્મહત્યાના વિવિધ માર્ગ- પદ્ધતિના સૂચન છે જેવા કે, ઝેરી પીવું.... બળી મરવું... ડૂબવું, ઊંચેથી છલાંગ લગાવવી... જાતે ગોળી ચલાવવી... ઈત્યાદિ. દરેક પદ્ધતિ માટે અલગ અલગ ફીનું ધોરણ પણ છે. જેમાં વળી મરવા માટે રૂા. ૫૦/- આ ફી રૂમમાં દાખલ થયા પછી ભરવાની છે. અત્રેથી માત્ર ૧૦ રૂા. ભરી સ્માર્ટ કાર્ડ લો. આ કાર્ડ દરવાજે અડાડો દરવાજે તુરત ખુલશે. તમે ઓપરેશન થિયેટરમાં આવી ગયા છો...’

અહીં જુદા જુદા ટેબલ પર કોમ્પ્યુટર ગોઠવ્યા છે. આર.આર. ત્યાં જ છે. તમને પુછે છે તમો પ્રેક્ટીકલ અનુભવ લેવા તૈયાર છો? તમો કંઈ પદ્ધતિ પસંદ કરો છો... ને તમારા મનમાં ગડમથલ ઊભી થાય છે. તમો નિર્ણય નથી લઈ શકતા. તમામ પદ્ધતિમાં દુઃખ થશે. ડર લાગશે... તમારી સ્થિતિ જોઈ એક મહિલા તમારી પાસે આવે છે ને કહે છે ચાલો, હું તમને મદદ કરું... મરવામાં નહિ, નિર્ણય લેવામાં... એ તમને એક મોટા યંત્ર સામે ઊભા રાખે છે. ત્યાં તમારી તપાસ થાય છે. માનસિક શક્તિ તપાસવામાં આવે છે. તમારી સહનશક્તિ નોંધાય છે અને ફટ દઈ એક ટીકીટ બહાર પડે છે. તેમાં નોંધાયુ છે. બળી મરવા માટે સક્ષમ...

એ મહિલા તમને એક ટેબલ પર લઈ જાય છે ત્યાં રૂા. ૫૦ ભરવાના છે. તમો રૂા. તુરત તમને એક કોમ્પ્યુટર સામે બેસાડવામાં આવે છે. ત્યાં તમારી ટચલી આંગળી પર થોડું સોલ્યુશન લગાડાય છે. કોમ્પ્યુટરમાં તમારા માટે જોઈતું પેટ્રોલ તથા અન્ય સામગ્રીની નોંધ વંચાય છે. પેલી મહિલા તમારી આંગળી પર દિવાસળી ચાંપે છે ને આંગળી ભડભડ બળવા લાગે છે. તમારાથી ચીસ પડાઈ જાય છે. તુરંત આગ ઓલવી નખાય છે. આ માત્ર એક અનુભવ છે. આ રૂમમાં આવા પ્રેક્ટીકલ અનુભવ પછી પણ જો તમો મક્કમ હો કે ના મારે તો મરવું જ છે તો તમને કહેવામાં આવે છે. આ સામેના રૂમમાં જાઓ - ત્યાંથી તમે મરી શકશો - પણ હાં, દરવાજો જારા કડક છે. જો જોરથી ધક્કો મારશો - પૂરેપૂરું બળ અજમાવીજો. તો જ દરવાજો ખુલશે... તમે સ્વર્ગે જાઓ તેવી શુભેચ્છાઓ...

તમે બળપૂર્વક દરવાજાને ધક્કો મારો છો દરવાજો ખાલી બંધ હતો. તમારા ધક્કે દરવાજો ખુલી જાય છે. તમે સામી દિવાલે અથડાવ છો પાછળ ધક્કો લાગતાં બેભાન થઈ જાઓ છો. જાગો છો ત્યારે ગામની જાણીતી હોસ્પિટલમાં છો... તમારા કેડનો મણકો ખસી ગયો છે. ઓપરેશન ખર્ચ રૂા. ૫૦,૦૦૦/- ને બસ તમારી આત્મહત્યા થઈ ગઈ. હવે તમો જીવતા પણ મર્યા સમાન છો... ફરી કયારેય આવો વિચાર ન કરતા.

# બબલી કંઇ સમજવાનો વિચાર કરતી સીધી ઇન્પેકટર પાસે ગઇ અને કાનજીના શબ્દો કહી ત્રીસ હજાર આપી ઘરની વાટ લીધી

**ભાથું**
**- જય ગજ્જર**

તક મળતાં વહેલી પરોઢે કાનજી જેલમાંથી ભાગ્યો. સીધો ગામના શાહુકાર ચંપક શેઠને ઘેર પહોંચ્યો.

“શેઠ બારણું ખોલો. તમે મંગાવેલ ભાથું લાવ્યો છું.” કાનજી શાંતિથી બોલ્યો.

ચંપક શેઠે ઉત્સાહમાં આવી જઇ બારણું ખોલી પુછ્યું, “કયાં છે મારું ભાથું?”

“તમે મારી યુવાન દીકરી લલી મંગાવેલી ને? લલી તો નથી લાવ્યો, પણ તમારું મોત લાવ્યો છું. તારા ભગવાનને છેલ્લે યાદ કરી લે. નરાધમ ગામની કેટલી સ્ત્રીઓના ભવ રોળી નાખ્યા છે?”

છેલ્લાં શબ્દોની સાથે એની બંદૂકમાંથી ગોળી છૂટી. ‘એ રામ’ કહેતાં એ જમીન પર ઢળી પડ્યો. એ સાથે એનું પ્રાણ પંખેરું ઉડી ગયું.

શેઠની કેડના કંદોરામાં ચાવી જોતાં એ સમજી ગયો. એણે તિજોરી ખોલી. બધા પૈસા એક થેલીમાં ભરી સીધો જેલમાં પાછળે દરવાજેથી એની કોટડીમાં પહોંચી ગયો.

એક રાક્ષસનો અંત આણ્યો હતો એમ વિચારી ઊંડો શ્વાસ લઇ એણે કાળકામાનો આભાર માન્યો.

ગઇ કાલે તેની પત્ની બબલી મળવા આવેલી. રડતાં રડતાં કહેલું, “કાના, ઇન્સ્પેકટર કહે છે, ‘વીશ હજાર આપ તો તારા કાનાને છોડી મુકું.’ એ પછી હું ચંપક શેઠ પાસે ગઇ. બહુ આજીજી કરી ત્યારે પૈસા આપવા તૈયાર થયા પણ બદલામાં શું માગ્યું ખબર છે?”

“બોલ, શું માગ્યું? તારું પેલું મંગલસૂત્ર?”

“ના, આપણી યુવાન દીકરી એક રાત એમને ઘેર મોકલવાની...” રડતાં રડતાં માંડ વાક્ય પૂરું કરી શકી.

એ સાંભળી કાનાનું લોહી ઉકળી ઉઠ્યું. પણ શાંત રહી બોલ્યો, “સારું કાલે આવજે, હું જાણું છું એટલા પૈસા કયાંથી લાવવાના. એ નાલાયક પાસે ગઇ જ કેમ? ગામની કેટલીય સ્ત્રીઓની લાચારીનો એણે લાભ ઉઠાવ્યો છે. આપણી લલીને સંભાળજે. એ નરાધમને ભૂલી જા. કાલે આ ટાણે આવવાનું ના ભૂલતી.”

કીધા પ્રમાણે સાંજે બબલી આવવી જોઇએ એમ વિચારી એણે ખૂણામાં સંતાઇને પૈસા ગણ્યા. પૂરા પચાસ હજાર હતા. એણે કાળકામને થાળ ધરાવવાની બાધા રાખી.

સાંજ પડતાં બબલી આવતાં અને ત્રીસ હજાર આપતાં કહ્યું, “લે આ ત્રીસ હજાર ઇન્સ્પેક્ટરને આપજે અને કહેજે વીસ હજાર કાનાને છોડી મૂકવાના અને દસ હજાર ચૂપ રહેવાના છે. પૈસા આપીને તું સીધી ઘેર જજે અને મારી વાટ જોજો.”

“પણ આટલા બધા પૈસા તમે લાવ્યાં કયાંથી?”

“પગલી એવું ન પૂછ. આપણા નેતાઓ અને મોટરોમાં ફરવાવાળા શેઠિયાઓ પાસે પૈસા કયાંથી આવે છે એની તને કે મને ખબર છે? એમ માનજે કે કાળકામાતાની આ દેણ છે.”

બબલી કંઇ સમજવાનો વિચાર કરતી સીધી ઇન્પેકટર પાસે ગઇ અને કાનજીના શબ્દો કહી ત્રીસ હજાર આપી ઘરની વાટ લીધી.

ઇન્સપેકટરે ગણ્યા વિના ઝડપથી પૈસા ખિસ્સામાં મૂકતા ધીમેથી કહ્યું, “તું કયાંથી લાવી આટલા બધા રૂપિયા? ચંપક શેઠને ઘેર ગઇ’તી? અને કંઇ સમજી જતાં ઉમેર્યું? “તું પણ ચૂપ રહેજે, કાનાને આ કશી વાત કરતી, નહીંતર તારો જન્માળો ધૂણધાણી થઇ જશે.”

બબલીનું મન અનેક વિચારોથી ઊભરાઇ આવ્યું પણ કંઇ બોલ્યા વિના ઘેર પહોંચી કાનાની રાહ જોવા લાગી.